647510 **BA0GujCC622B** **Seat No :_________**

## B.A. Semester - 6 (*CBCS*) Examination
## March/April -2019
## GUJARATI: P22 GUJARATI VYAKRAN, SARJAN LEKHAN KAUSHAL - 6(CORE - 22)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચે આપેલ કાવ્યનું રસદર્શન કરો. (૧૪)

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા..
મારી વેલ શંગારો વીરા, શગને સંકોરો
રે અજવાળા પહેરીને ઉભા શ્વાસ !
મારી આંખે કંકુનાં સૂરજ આથમ્યા......
પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા;
ડૂબ્યાં અલકાતા રાજ, ડૂબ્યાં મલકાતા કાજ
રે હણહણતી મેં સાંભળી સુવાસ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં.....
મને રોકે પંછાયો એક ચોકમાં;
અડધે બોલે ઝાલ્યો; અડધો ઝાંઝરથી ઝાલ્યો
મને વાગે સજીવી હળવાશ !
મારી આંખે કંકુનાં સૂરજ આથમ્યા....

-રાવજી પટેલ.

અથવા

પ્રશ્ન-૧ સખી મને તેં સરોવર કહ્યો એ ઘટનાને
હું મારા ગીત કમળથી લે ચાલ, શણગારું,
હવે હું પીળી પડેલી છબીની જેવો છું
તને ગમે તો પ્રણયની દીવાલ શણગારું,
આ મારા હાથમાં ખાલીપણાનાં ફૂલો છે
કહે તો આપણો આ આજમ્હાલ શણગારું.
હવે વસંત કે ફૂલની પ્રતીક્ષા કોણ કરે?
હું મારા વ્હાલથી તારું વ્હાલ શણગારું.
તને આ જિંદગી જેવો જવાબ આપીને
નજીકથી તેં કરેલો સવાલ શણગારું.

-રમેશ પારેખ.

પ્રશ્ન-૨ મધ્યકાલીન સાહિત્યનાં સંશોધક-સંપાદકમાં ક્યા ગુણો જરૂરી છે? ચર્ચા કરો. (૧૪)

અથવા

પ્રશ્ન-૨ મધ્યકાલીન સાહિત્યનાં સંશોધન-સંપાદનની મુશ્કેલીઓ જણાવો.

પ્રશ્ન-3 જોડણી એટલે શું? વિગતે સમજાવો. (૧૪)

અથવા

પ્રશ્ન-૩ ગુજરાતી ભાષામાં જોડણીભેદથી થતાં ગુજરાતી શબ્દોનાં અર્થભેદ ઉદાહરણ આપી સમજાવો.

પ્રશ્ન-૪ ગુજરાતી ભાષામાં સર્જનાત્મક લેખન એટલે શું? સર્જનાત્મક લેખનમાં કઇ બાબતો ધ્યાનમાં લેવી જરૂરી છે? (૧૪)

અથવા

પ્રશ્ન-૪ તમારી કોલેજમાંથી યોજાયેલ શૈક્ષણિક પ્રવાસનો અહેવાલ સર્જનાત્મક ભાષામાં લખો.

પ્રશ્ન-૫ કોઇપણ બેનાં જવાબ આપો. (૧૪)

(૧) ગુજરાતી લેખનમાં સંધિ એટલે શું? ઉદાહરણ આપી સમજાવો.

(૨) ગુજરાતી લેખનમાં સ્વર સંધિ સમજાવો.

(૩) ગુજરાતી લેખનમાં વ્યંજન સંધિ સમજાવો.

(૪) ગુજરાતી લેખનમાં વિસર્ગ સંધિ સમજાવો.

*********************************